# ગુજરાતમાં 'શારદા' માસિક દ્વારા કોણે લોકકથાઓ આપી ?

**1. જર્મનીમાં 'હિન્દ રાષ્ટ્રીય સ્વયંસેવક દળ'ની રચના કોણે કરી હતી ?**
(૧) રામમનોહર લોહિયા (૨) મૌલાના બશીર
(૩) ચંપક રમણ પિલ્લાઈ (૪) ડૉ. મથુરસિંહ

**2. ભારતની આઝાદીની ચળવળ દરમિયાન અફઘાનિસ્તાનમાં કોના 'રાષ્ટ્રીય પ્રમુખ' પદે કામચલાઉ સ્વતંત્ર સરકારની રચના કરાઈ હતી?**
(૧) રાજા મહેન્દ્ર પ્રતાપ (૨) સોહનલાલ પાઠક
(૩) બરકતુલ્લા (૪) મૌલાના બશીર

**3. ૧૬ ઓક્ટોબર, ૧૯૦૫ના રોજ બંગાળના ભાગલાનો અમલ કરાયો તે દિવસ ....... તરીકે મનાવાયો હતો.**
(૧) રાષ્ટ્રીય શોક દિન (૨) બંગભંગ દિન
(૩) બંગાળ એકતા દિન (૪) બંગભંગ વિરોધ દિન

**4. આઝાદી પૂર્વે નીચે પૈકીના ક્યા સુધારાએ મુસ્લિમોને કોમી મતદાર મંડળ આપ્યાં?**
(૧) મોન્ટ-ફર્ડ (૨) ઈલ્બર્ટ બિલ
(૩) ઑગસ્ટ ઑફર (૪) મોર્લે-મિન્ટો

**5. ૧૨મી માર્ચે સાબરમતી આશ્રમથી મહાત્મા ગાંધીજી એ જગપ્રસિદ્ધ દાંડીયાત્રા શરૂ કરી તેઓ ...... દિવસની પદયાત્રા બાદ દાંડી પહોંચ્યા હતાં.**
(૧) ૨૧ (૨) ૨૨ (૩) ૨૩ (૪) ૨૪

**6. મહાત્મા ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે જામેલા મીઠામાંથી મુઠ્ઠી મીઠું લઇ મીઠાનો અન્યાયી કાયદો તોડ્યો. એ ક્યો દિવસ હતો?**
(૧) ૨ એપ્રિલ, ૧૯૩૦ (૨) ૩ એપ્રિલ, ૧૯૩૦
(૩) ૫ એપ્રિલ, ૧૯૩૦ (૪) ૬ એપ્રિલ, ૧૯૩૦

**7. મહાત્મા ગાંધીજીની દાંડીકૂચને કોણે 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવી હતી?**
(૧) સુભાષચંદ્ર બોઝ (૨) મહાદેવભાઈ દેસાઈ
(૩) નારાયણ દેસાઈ (૪) મીરાબહેન

**8. નેતાજી સુભાષચંદ્ર બોઝનો જન્મ ક્યાં થયો હતો?**
(૧) કલકત્તા (૨) કટક (૩) ખડગપુર (૪) હાવડા

**9. સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્રનો આરંભ .........થી થાય છે.**
(૧) ઘોષણાપત્ર (૨) આમુખ (૩) માનવહકો (૪) બંધારણ

**10. બ્રિટિશ પાર્લમેન્ટે હિંદ સ્વાતંત્ર્ય ધારો ...........ના રોજ પસાર કર્યો હતો.**
(૧) જાન્યુઆરી ૧૯૪૭ (૨) જુલાઈ ૧૯૪૬
(૩) જૂન ૧૯૪૬ (૪) જુલાઈ ૧૯૪૭

**11. આઝાદી વખતે ભારતમાં દેશી રાજ્યો - રિયાસતોની સંખ્યા કેટલી હતી?**
(૧) ૫૫૦ (૨) ૫૭૦ (૩) ૫૬૨ (૪) ૫૬૦

**12. આઝાદી વખતે સ્વતંત્ર ભારતના કુલ ક્ષેત્રફળ પૈકીનું કેટલું ક્ષેત્રફળ દેશી રાજ્યોનું હતું?**
(૧) ૬૦ ટકા (૨) ૪૦ ટકા (૩) ૪૮ ટકા (૪) ૫૬ ટકા

**13. દેશને આઝાદી પ્રાપ્ત થયા પછી સૌ પ્રથમ ભાવનગર રજવાડાના મહારાજા .............એ ભાવનગરમાં 'જવાબદાર સરકાર'નો શુભારંભ કર્યો.**
(૧) કૃષ્ણકુમારસિંહજી (૨) વિરભદ્રસિંહજી
(૩) ભાવસિંહજી દ્વિતીય (૪) તખતસિંહજી

**14. બાહ્ય અવકાશમાં ઉપગ્રહો છોડવા માટે GSLVનો ઉપયોગ થાય છે. GSLVનું પૂરું નામ જણાવો.**
(૧) Geosynchronous Satellite Launch Vehicle
(૨) Geo-Synthesis Satellite Launch Vehicle
(૩) Geosynchronous Super Launch Vehicle
(૪) Geographic Satellite Launch Vehicle

**15. આંધ્રપ્રદેશમાંથી નીચે પૈકીનું ક્યું રાજ્ય અલગ પડ્યું?**
(૧) ઉત્તરાખંડ (૨) છત્તીસગઢ (૩) કેરળ (૪) તેલંગાણા

**16. ઝારખંડ રાજ્ય નીચે પૈકીના ક્યા રાજ્યમાંથી અલગ થયું?**
(૧) છત્તીસગઢ (૨) બિહાર
(૩) મધ્યપ્રદેશ (૪) ઉત્તરપ્રદેશ

**17. ભારતની બંધારણ સભામાં કુલ કેટલા સભ્યો હતા?**
(૧) ૩૭૫ (૨) ૩૭૬ (૩) ૩૮૦ (૪) ૩૮૫

**18. બંધારણ સભાએ તેની કામગીરી ક્યારથી શરૂ કરી હતી?**
(૧) ૧૧ નવેમ્બર, ૧૯૪૬ (૨) ૨૬ જાન્યુઆરી, ૧૯૪૬
(૩) ૧૫ નવેમ્બર, ૧૯૪૬ (૪) ૯ ડિસેમ્બર, ૧૯૪૬

**19. બંધારણ સભાએ બે વર્ષ, ૧૧ માસ અને ૧૮ દિવસમાં મળેલી કુલ ....... બેઠકોમાં કામગીરી પૂર્ણ કરી હતી.**
(૧) ૩૪ (૨) ૧૦૨ (૩) ૧૬૬ (૪) ૧૫૦

**20. ભારતના બંધારણમાં કોને આખરી સાર્વભૌમ સત્તા આપવામાં આવી છે?**
(૧) રાષ્ટ્રપતિ (૨) લોકસભા
(૩) કેન્દ્રીય મંત્રીમંડળ (૪) ભારતના લોકો

**21. તાલુકા પંચાયતની વહીવટી પાંખના વડા નીચે પૈકી કોણ હોય છે?**
(૧) ટીડીઓ (૨) ડીડીઓ
(૩) તાલુકા પંચાયત પ્રમુખ (૪) તલાટી-કમ-મંત્રી

**22. હોદ્દાની રૂએ રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓના કુલાધિપતિ (ચાન્સેલર) કોણ હોય છે?**
(૧) રાષ્ટ્રપતિશ્રી (૨) શિક્ષણ અગ્રસચિવ
(૩) રાજ્યપાલશ્રી (૪) શિક્ષણ મંત્રીશ્રી

**23. રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપતિ ......... સાથે ચર્ચા-વિમર્શ કરીને કરે છે.**
(૧) મુખ્યમંત્રીશ્રી (૨) રાજ્યના કાયદા મંત્રીશ્રી
(૩) રાજ્યપાલશ્રી (૪) વડાપ્રધાનશ્રી

**24. રાજ્યપાલ વિધાનસભામાં બહુમતી પક્ષના નેતાની નિમણૂક ............ તરીકે કરે છે.**
(૧) મુખ્યમંત્રી (૨) વિપક્ષ નેતા
(૩) પ્રોટેમ સ્પીકર (૪) આ પૈકી કોઇ નહીં

## જનરલ નોલેજ ક્વીઝ કોર્નર

**25. ગુજરાતના મુખ્યમંત્રીનું કાર્યાલય નવા સચિવાલયમાં ક્યાં છે?**
(૧) બ્લોક ૧ (૨) સ્વર્ણિમ સંકુલ-૧
(૩) મંત્રી આવાસ (૪) સ્વર્ણિમ સંકુલ-૨

**26. સરપંચની સર્વસામાન્ય પસંદગી થાય તેને .......... તરીકે જાહેર કરીને વિશેષ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે.**
(૧) સરસ ગ્રામ (૨) સંતુલિત ગ્રામ
(૩) સમરસ ગ્રામ (૪) પંચાયતી ગ્રામ

**27. જિલ્લા પંચાયતના વહીવટી વડા કોણ હોય છે?**
(૧) જિલ્લા વિકાસ અધિકારી (૨) કલેક્ટર
(૩) ટીડીઓ (૪) જિલ્લા પંચાયત પ્રમુખ

**28. નીચે પૈકીની કઈ અદાલત નઝીરી અદાલત (કોર્ટ ઓફ રેકોર્ડસ)નું સ્થાન ધરાવે છે?**
(૧) મેટ્રોપોલિટન કોર્ટ (૨) સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ
(૩) ડિસ્ટ્રિક્ટ કોર્ટ (૪) હાઈકોર્ટ

**29. આસામ, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા, મિઝોરમ અને અરૂણાચલ પ્રદેશ રાજ્યો કઇ વડી અદાલતની હકૂમત હેઠળ આવે છે?**
(૧) મિઝોરમ હાઈકોર્ટ (૨) ત્રિપુરા હાઈકોર્ટ
(૩) આસામ હાઈકોર્ટ (૪) નાગાલેન્ડ હાઈકોર્ટ

**30. જિલ્લા ન્યાયાધીશ તરીકે નિમણૂક પામનાર વ્યક્તિ પાસે ઓછામાં ઓછો ....... વર્ષ વકીલાત કર્યાનો અનુભવ હોવો જોઇએ.**
(૧) ૭ (૨) ૧૦ (૩) ૫ (૪) ૮

**31. તાજેતરમાં બાંગ્લાદેશે પોતાની આઝાદીના કેટલાં વર્ષ કેટલા વર્ષ પૂર્ણ થતાં સ્વયતંત્ર દિવસની ઊજવણી કરી?**
(૧) ૫૫ (૨) ૫૦ (૩) ૫૨ (૪) ૪૫

**32. હાલમાં ક્યા દેશે શાહિન -1A મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે ?**
(૧) નેપાળ (૨) પાકિસ્તાઈન
(૩) અફઘાનિસ્તાવન (૪) આમાંથી કોઈ નહી

**33. વસ્તીની દૃષ્ટિએ ગુજરાતનું ભારતમાં કેટલામું સ્થાન છે?**
(૧) આઠમું (૨) સાતમું
(૩) નવમું (૪) દશમું

**34. 'હિન્દુસ્તાન મધ્યેનું એક ઝુંપડું' કૃતિ કોની છે ?**
(૧) ગોવર્ધનરામ (૨) રમણભાઈ નીલકંઠ
(૩) મહાત્મા ગાંધી (૪) સોરાબશા દાદાભાઈ

**35. ગુજરાતમાં 'શારદા' માસિક દ્વારા કોણે લોકકથાઓ આપી ?**
(૧) ઝવેરચંદ મેઘાણી (૨) ખોડીદાસ પરમાર
(૩) પુસ્કર ચંદરવાકર (૪) ગોકુળદાસ રાયચુરા

**36. મૂળભુત અધિકારોનો ખ્યાલ ક્યા દેશના બંધારણમાંથી લેવાયા છે ?**
(૧) કેનેડા (૨) યુએસએ (૩) જર્મની (૪) રશિયા

**37. બંધારણમાં સુધારાની જોગવાઈ ક્યા દેશના બંધારણમાંથી લેવાઈ છે ?**
(૧) દ.આફ્રિકા (૨) યુએસએ (૩) ફ્રાન્સ (૪) રશિયા

**38. મધમાખી ઉછેર અને મધ ઉત્પાદનને શું કહે છે ?**
(૧) સેરીકલ્ચર (૨) એપી કલ્ચર
(૩) ઓલ કલ્ચર (૪) વીડી કલ્ચર

**39. ગુજરાતના પ્રખ્યાત રસાયણશાસ્ત્રી કોણ ?**
(૧) ત્રિભુવનદાસ ગજ્જર (૨) પ્રફુલચંદ્ર રોય
(૩) શિશિરકુમાર મિત્રા (૪) ડૉ. આત્મારામ

**40. પ્રોટીનની ઉણપથી થતો રોગ ક્યો છે ?**
(૧) મરાસ્મસ (૨) ક્વોશિયોરકોર
(૩) રિકેટ્સ (૪) ૧ અને ૨ બંને

**41. જીવનરક્ષક બીસીજીની રસીના શોધક કોણ છે ?**
(૧) કાલમેટ ગ્યુરિન (૨) લુઈસ પાશ્ચર
(૩) પૌલ મ્યુલર (૪) રોબર્ટ કોચ

**42. સ્ટેચ્યુ ઓફ યુનિટીની ડિઝાઈન કોણે બનાવી છે ?**
(૧) બાલકૃષ્ણ દોશી (૨) જતીન દાસ
(૩) રામ સુથાર (૪) અનિલ નાઈક

**43. 'વેડછીનો વડલો' તરીકે કોને સંબોધવામાં આવતા?**
(૧) જુગતરામ દવે (૨) જે.બી. કૃપલાણી
(૩) ઠક્કર બાપા (૪) બકુલ મહેતા

**44. ચિત્રંજનદાસ અને મોતીલાલ નહેરુ દ્વારા કઈ પાર્ટી શરુ કરાઈ હતી ?**
(૧) ગદર પાર્ટી (૨) સ્વરાજ પાર્ટી
(૩) આઝાદ પાર્ટી (૪) સ્વતંત્ર પાર્ટી

**45. બંધારણની કઈ અનુસૂચિમાં મેઘાલય, આસામ, ત્રિપુરા, મિઝોરમ રાજ્યના આદિવાસી વિસ્તારોના વહિવટ માટેની જોગવાઈ છે?**
(૧) અનુસૂચિ ૫ (૨) અનુસૂચિ ૭
(૩) અનુસૂચિ ૬ (૪) અનુસૂચિ ૨

**46. ગુજરાતમાં ઉજવાતા મેળાઓમાંથી 'રૂપના મેળા' તરીકે ક્યા મેળાને ઓળખવામાં આવે છે ?**
(૧) માધવપુરનો મેળો (૨) તરણેતરનો મેળો
(૩) નકલંકનો મેળો (૪) ભવનાથનો મેળો

**47. ગુજરાતની ઓળખાતી ચિત્રકલામાં 'કામાંગીરી' શૈલીના ચિત્ર ક્યા જિલ્લા સાથે સંકળાયેલા છે ?**
(૧) છોટા ઉદેપુર (૨) કચ્છ (૩) ડાંગ (૪) જૂનાગઢ

**48. ગુજરાતના ડાંગ જિલ્લાની ખૂબ જાણીતી ચિત્રકલા 'વારલી'ને અન્ય બીજા ક્યા નામથી પણ ઓળખવામાં આવે છે ?**
(૧) પોથીકલા (૨) પીઠોરા (૩) કાયકલા (૪) પચવી

**49. ગુજરાતના સાંસ્કૃતિક વારસાના સંદર્ભમાં 'ચિતારા' એટલે કોણ થાય ?**
(૧) ગાયક (૨) ચિત્રકાર (૩) સંગીતકાર (૪) કવિ

**50. 'વારલી' ચિત્રકલામાં 'વારલી'નો અર્થ સ્થાનિક ભાષા પ્રમાણે શું થાય છે ?**
(૧) દીવાલને ગેરુ વડે તૈયાર કરનાર (૨) લીંપણ કરનાર
(૩) ખેતરનો ખેડનાર (૪) ગીત ગાનાર

**જવાબો :**

**(૧) ૩ (૨) ૧ (૩) ૧ (૪) ૪ (૫) ૪ (૬) ૪ (૭) ૨ (૮) ૨ (૯) ૨ (૧૦) ૪ (૧૧) ૩ (૧૨) ૩ (૧૩) ૧ (૧૪) ૧ (૧૫) ૪ (૧૬) ૨ (૧૭) ૪ (૧૮) ૪ (૧૯) ૩ (૨૦) ૪ (૨૧) ૧ (૨૨) ૩ (૨૩) ૩ (૨૪) ૧ (૨૫) ૨ (૨૬) ૩ (૨૭) ૧ (૨૮) ૪ (૨૯) ૩ (૩૦) ૧ (૩૧) ૨ (૩૨) ૨ (૩૩) ૩ (૩૪) ૪ (૩૫) ૪ (૩૬) ૨ (૩૭) ૧ (૩૮) ૨ (૩૯) ૧ (૪૦) ૪ (૪૧) ૧ (૪૨) ૩ (૪૩) ૧ (૪૪) ૨ (૪૫) ૩ (૪૬) ૧ (૪૭) ૨ (૪૮) ૪ (૪૯) ૨ (૫૦) ૩**